# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1. બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન ટેક સિમ્પોઝિયમને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું,આજે નિર્માણ પામેલી માળખાગત સુવિધાઓ ભવિષ્ય માટે દેશની સભ્યતાને પ્રતિબિંબિત કરે છે.
2. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આર્થિક પડકારોનો સામનો કરવા બિમ્સટેક સભ્ય દેશ વચ્ચે ગાઢ સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો.
3. દિલ્હી વડી અદાલતે ઉપવાસ પર ઉતરેલા સામાજીક કાર્યકર્તા સોનમ વાંગચુકના આરોગ્ય પર દૈનિક ધોરણે દેખરેખ રાખવાનો તંત્રને નિર્દેશ આપ્યો.
4. યાત્રાધામ જગન્નાથ પુરી અને અમદાવાદમાં ભગવાન જગન્નાથની ભક્તોની ભારે ભીડ વચ્ચે રથયાત્રા.
5. હોર્મુઝ સામુદ્રધૂની પર ઇરાનની પકડ નબળી પાડવા અમેરિકાના હુમલાઓ.. ઇરાનનો વળતો જવાબ.
6. ભારતીય ખેલાડી પી.વી. સિંધુ જાપાન ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યાં.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# RAJNATH BRO-EARLY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું છે કે અદ્યતન માળખાગત સુવિધા હંમેશા વિકસિત સભ્યતાની ઓળખ રહી છે. નવી દિલ્હીમાં બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન ટેક સિમ્પોઝિયમને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે આજે નિર્માણ પામેલી માળખાગત સુવિધાઓ ભવિષ્ય માટે દેશની સભ્યતાને વ્યાખ્યાયિત કરશે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, રોહતાંગમાં અટલ ટનલ, ઉમલિંગ લા ખાતે વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ અને લગભગ 13 હજાર ફૂટની ઊંચાઈ પર બનેલ સેલા ટનલ જેવા સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ્સ BROની ક્ષમતાના જીવંત પુરાવા છે. આ સિદ્ધિઓને એન્જિનિયરિંગ ચમત્કાર ગણાવતા, મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે કર્મચારીઓના સમર્પણ અને સખત મહેનતની સાથે, ટેકનોલોજીનો સતત ઉપયોગ પણ એટલો જ મહત્વપૂર્ણ છે.

# GOYAL-BUSINESS DELEGATION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બેલ્જિયમના બ્રસેલ્સમાં ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી, એસોચેમ અને અન્ય પ્રાદેશિક સંગઠનોના સભ્યો ધરાવતા ભારતીય વ્યાપાર પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરી.

શ્રી ગોયલે સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું કે તેમણે ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર ભારતીય ઉદ્યોગ માટે વાસ્તવિક દરવાજા કેવી રીતે ખોલી શકે છે અને ભારતીય વ્યવસાયો, MSME અને લોકો માટે મૂર્ત પરિણામો કેવી રીતે આપી શકે છે તે અંગે ચર્ચા કરી હતી.

# AHMEDABAD RATHYATRA

ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની રથયાત્રા આજથી ઓડિશાના પુરીમાં આરંભ થઈ રહ્યો છે. ભગવાન રથમાં આરુઢ થઈને ભક્તોને દર્શન આપશે. થોડી જ વારમાં પૂરીના ગજપતિ મહારાજ પહિંદ વિધિ કરી રથયાત્રાને પ્રસ્થાન કરાવશે.

અષાઢી બીજના પાવન પર્વ ઉપર ગુજરાતમાં અમદાવાદ સહિતના વિવિધ શહેરોમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઇ રહી છે. ગુજરાતની સૌથી વિશાળ ગણાતી એવી અમદાવાદની રથયાત્રા નીજ મંદિરથી નિકળીને તેના પરંપરાગત રૂટ પર ભ્રમણ કરી રહી છે.. આજે મળસ્કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મગંળા આરતી કરી હતી જ્યારે સવારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરીને રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

સલામતીની અભેદ્ય વ્યવસ્થા અને ટેકનોલોજીના ઉપયોગ સાથે આ રથયાત્રા સરસપુર તરફ પ્રયાણ કરી રહી છે. શહેરના માર્ગો ઉપર હજારોની સંખ્યામાં ભકતજનો ઉમટ્યા છે અને જય જગન્નાથના જયઘોષ સાથે ભગવાનના દર્શન કરી રહ્યાં છે. બપોર બાદ આ રથયાત્રા નિજમંદિર તરફ પ્રયાણ કરીને રાત્રે પરત ફરશે.

# PREZ VP PM-RATH YATRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને જગન્નાથજી રથયાત્રાની શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું, રથયાત્રા દરમિયાન ભગવાન અને ભક્તોનું પવિત્ર જોડાણ એક અપ્રતિમ અને ઊંડી ભાવનાત્મક ક્ષણ છે. રાષ્ટ્રપતિએ મહાપ્રભુ જગન્નાથના આશીર્વાદથી, દેશવાસીઓ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર રહે તેવી કામના કરી.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, પવિત્ર રથયાત્રા શ્રદ્ધા, ભક્તિ, સમાનતા અને સામૂહિક સંવાદિતાના મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે, જે તમામ ભેદભાવોથી પર લોકોને એક કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રથયાત્રાને ભારતના કાલાતીત આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાની તેજસ્વી અભિવ્યક્તિ ગણાવી. તેમણે કહ્યું કે રથયાત્રા સાથે સંકળાયેલી પરંપરાઓએ ભારત અને વિશ્વભરની પેઢીઓને પ્રેરણા આપી છે અને નમ્રતા, સામૂહિક ભાગીદારી અને નિઃસ્વાર્થ સેવાના મૂલ્યોને મૂર્તિમંત કર્યા છે.

# PM - HYDROGEN TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે હરિયાણાના જીંદ રેલ્વે સ્ટેશન પર દેશની પ્રથમ હાઇડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી આપશે. આ ટ્રેન જીંદ અને સોનીપત વચ્ચે દોડશે અને હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજી દ્વારા સંચાલિત છે, જે ટ્રેનને પાવર આપવા માટે હાઇડ્રોજનને વીજળીમાં રૂપાંતરિત કરે છે. આ પ્રક્રિયા ફક્ત પાણીની વરાળને બાય-પ્રોડક્ટ તરીકે ઉત્પન્ન કરે છે, જેના પરિણામે કામગીરી દરમિયાન શૂન્ય કાર્બન ઉત્સર્જન થાય છે.

ભારતમાં ડિઝાઇન, એન્જિનિયર્ડ અને એસેમ્બલ કરાયેલી આ ટ્રેન સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી છે, જે અદ્યતન રેલ્વે એન્જિનિયરિંગમાં દેશની વધતી જતી ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# HC-LIFE SONAM

દિલ્હી હાઈકોર્ટે આજે અધિકારીઓને ઉપવાસ પર ઉતરેલા સામાજીક કાર્યકર્તા સોનમ વાંગચુકના આરોગ્ય પર દૈનિક ધોરણે દેખરેખ રાખવાનો નિર્દેશ આપ્યો છે અને ભાર મૂક્યો છે કે જીવન કિંમતી છે. શ્રી વાંગચુક નવી દિલ્હીના જંતર-મંતર ખાતે અનિશ્ચિત સમય માટે ઉપવાસ પર છે. મુખ્ય ન્યાયાધીશ ડી કે ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે શ્રી વાંગચુકની સ્થિતિની સરકારી ડોકટરો દ્વારા નિયમિત તપાસ થવી જોઈએ.

કેન્દ્ર તેમજ દિલ્હી સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે દરેક વ્યક્તિનું જીવન કિંમતી છે અને વાંગચુકની નિયમિત તબીબી તપાસ કરવામાં કોઈ વાંધો નથી.

# ED - BANGLADESH

પ્રવર્તન નિર્દેશાલયે આજે કથિત આતંકવાદી ભંડોળ અને ગેરકાયદેસર ઘૂસણખોરી નેટવર્કના સંબંધમાં 13 જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા. આ કેસ ઉત્તર પ્રદેશ આતંકવાદ વિરોધી ટુકડી દ્વારા નોંધાયેલી FIR સાથે સંબંધિત છે. તેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે એક સંગઠિત ગેંગે રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં ગેરકાયદેસર ઘૂસણખોરીમાં મદદ કરી, નકલી ભારતીય ઓળખ કાર્ડ મેળવ્યા અને દેશના વિવિધ ભાગોમાં તેમના પુનર્વસનને સરળ બનાવ્યું. તપાસમાં અનેક ચેરિટેબલ ટ્રસ્ટ અને સંસ્થાઓ સાથે સંકળાયેલા એક વિશાળ નાણાકીય નેટવર્કનો પર્દાફાશ થયો છે.

આ સંસ્થાઓ પર આરોપ છે કે તેઓએ મોટી રકમના વિદેશી દાન મેળવ્યા હતા અને તેમને બહુવિધ બેંક ખાતાઓ અને મધ્યસ્થીઓ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ફસાવ્યા હતા.

# US - IRAN STRIKE

અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોના માર્ગને સુરક્ષિત રાખવા ઈરાન પર નવા હુમલાઓ શરૂ કર્યા છે. અમેરિકન સેનાએ કહ્યું કે તેણે ગઈકાલે ઈરાન પર બીજો મોટો હુમલો કર્યો, જેનો ઉદ્દેશ્ય હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોને નિશાન બનાવવાની ઈરાનની ક્ષમતાનો અંત કરવાનો હતો.

સાંભળીએ અમારા સંવાદદાતા મુકેશ કુમારની અહેવાલ.....

V/C - WN--MUKESH--IRAN-US

# EXPORT DUTIES-FUEL

સરકારે દ્વિ-સાપ્તાહિક સમીક્ષા બાદ પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ -ATFની નિકાસ પરની ખાસ વધારાની કસ્ટમ ડ્યુટીમાં સુધારો કર્યો છે. સુધારેલા દરો હેઠળ, ડીઝલ પરની નિકાસ ડ્યુટી વધારીને 15.50 રૂપિયા પ્રતિ લિટર, જ્યારે ATF નિકાસ પરનો ટેક્સ વધારીને 14.50 રૂપિયા પ્રતિ લિટર કરાયો છે. બીજી તરફ પેટ્રોલ પરની નિકાસ ડ્યુટી ઘટાડીને 2.50 પ્રતિ લિટર કરાયો છે. સુધારેલા દરો આજથી અમલમાં આવ્યા છે. જોકે, સ્થાનિક વપરાશ માટે વપરાતા પેટ્રોલ અને ડીઝલ પર હાલની નિકાસ ડ્યુટી યથાવત છે.

# STOCKS-1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા બપોરના સત્રમાં સેન્સેક્સ 286 પોઈન્ટ જ્યારે નિફ્ટી 75 પોઈન્ટ વધીને કારોબાર કરી રહ્યા હતાય. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેમિકલ્સ અને IT શેરોમાં સૌથી વધુ લેવાલી જોવા મળી હતી. છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે સેન્સેક્સમાં 200થી વધુ અને નિફ્ટીમાં 50 અંકનો વધારો જોવા મળ્યો હતો.

# DAY-BADMINTON

ભારતીય ખેલાડી પીવી સિંધુ જાપાન ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી. સિંધુએ વિશ્વની પાંચમી ક્રમાંકિત ચીનની હાન યુને સીધા સેટમાં માત્ર 35 મિનિટમાં 21-16, 21-14 થી હરાવી શાનદાર વિજય મેળવ્યો.

બીજી તરફ તનિષા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલાની મિક્સ ડબલ્સ જોડીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો. ફેંગ યાન ઝે અને હુઆંગ ડોંગની ચીની જોડીએ તનિષા અને ધ્રુવની જોડીને 22-20, 21-17 થી હરાવી હતી.

# CRICKET-IND VS ENG

ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની શ્રેણીની બીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ આજે કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ભારતે મંગળવારે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે પ્રથમ મેચમાં યજમાન ઇંગ્લેન્ડને 6 વિકેટથી હરાવ્યું હતું. ત્રીજી મેચ રવિવારે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.